GJSK030003342023

દાખલ તારીખ : ૨૭–૦૧–૨૦૨૩
રજીસ્ટર તારીખ : ૨૭–૦૧–૨૦૨૩
ફેંસલ તારીખ : ૦૨–૦૬–૨૦૨૬
અવધિ : ૩–વર્ષ ૪– માસ–૬ દિવસ

**મે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.પ્રાંતિજ.**

ફોજદારી કેસ નં.૨૬૦/૨૦૨૩

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ૧. હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતિ
૨. જીવાભાઈ પશાભાઈ પ્રજાપતિ
૩. હેતલબેન હરેશભાઈ પ્રજાપતિ
તમામ. રહે. દલપુર,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠા.

ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ. પટેલ
આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ.સી.પંડયા

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ઓએ તા.૮/૧૦/૨૨ ના કલાક–૮–૦૦ વાગે મોજે–દલપુર ગામે આરોપી

નં.૧ નાએ ફરીયાદીના દિકરા સોહદ જીગરકુમારને કહેલ કે તુ કેમ દલપુર ગામ પંચાયતમાં અરજીઓ કરે છે. તેમ કહી ગાળો બોલી ઝપાઝપી કરતો હોય જેથી ફરીયાદી તથા સાહેદ હંસાબેન વચ્ચે પડતા આરોપીએ હંસાબેનને ગાલ ઉપર લાફો મારી દીધેલ અને તે વખતે આરોપી નં.ર તથા ૩ ના આવી ઝપા ઝપી કરી ગાળો બોલવા લાગેલા અને ગડદાપાટુંનો માર મારવા લાગેલ અને જતા જતા કહેતા હતા કે હવે પછી બોલશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(ર),૧૧૪ મુજબનો ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદી એ ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, લાગતા–વળગતા સાહેદો ના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(ર) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૬ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક–૭ થી ૯ હેઠળ પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીઓએ ગુનો કર્યા નો ઈન્કાર કરતાં, આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>:: મૌખિક પુરાવો ::</u>**

(૧) આંક–૧૪ ફરીયાદી નરેશભાઈ કચરાભાઈ દરજીની જુબાની

(ર) આંક–ર૦ સાહેદ જીગરકુમાર નરેશભાઈ દરજીની જુબાની

(૩) આંક–રર સાહેદ હંસાબેન નરેશભાઈ દરજીની જુબાની

(૪) આંક–૨૪ પંચ સાહેદ આશિષકુમાર કનુભાઈ પટેલની જુબાની

(૫) આંક–૨૮ ત.ક.અ. દેવજીભાઈ નરસિંહભાઈ ની જુબાની

**:: દસ્તાવેજી પુરાવો ::**

(૧) આંક–૧૫ ફરીયાદ

(૨) આંક–૨૫ ગુનાવાળી જગ્યાનું પંચનામું

(૩) આંક–૨૯ સ્ટેશન ડાયરીમાં નોધ કરવા બાબતેની યાદી

(૪) આંક–૩૦ ગ્રામ પંચાયતમાં કરેલ અરજી

(૪) ત્યાર બાદ ફરિયાદી પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનું ક્રિ. પ્રો . કો. કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં અમો ઉપર ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

ત્યાર બાદ આરોપીઓ સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રી ની તથા આરોપીઓ તરફે આરોપીઓના વિ. વકીલશ્રી ની લંબાણ પુર્વકની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી ઓએ તા.૮/૧૦/૨૨ ના કલાક–૮–૦૦ વાગે મોજે–દલપુર ગામે આરોપી નં.૧ નાએ ફરીયાદીના દિકરા સોહદ જીગરકુમારને કહેલ કે તુ કેમ દલપુર ગામ પંચાયતમાં અરજીઓ કરે છે. તેમ કહી ગાળો બોલી ઝપાઝપી કરતો હોય જેથી ફરીયાદી તથા સાહેદ હંસાબેન વચ્ચે પડતા આરોપીએ હંસાબેનને ગાલ ઉપર લાફો મારી દીધેલ અને તે વખતે આરોપી નં.૨ તથા ૩ ના આવી ઝપા ઝપી કરી ગાળો

બોલવા લાગેલા અને ગડદાપાટુંનો માર મારવા લાગેલ અને જતા જતા કહેતા હતા કે હવે પછી બોલશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) ,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

(૮) **મુદ્દા નંબર–૧ :–**

(૯) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિ મીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો

ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂધ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે ઓપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

(૧૦) સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**–::પુરાવાનું મુલ્યાંકન::–**

(૧૧). હવે, આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો ઈ.પી.કો કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો છે. જે અંગે સૌપ્રથમ ઈ.પી.કો. કલમ–૩૨૩ની જોગવાઈ અને આવશયક તત્વો ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

જે કોઈ વ્યકિત સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બન્નેની શિક્ષા કરવામાં આવશે. કલમ–૩૨૩ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**કલમ–૩૨૩ ના આવશ્યક તત્વો:–**

(૧). આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨). આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

વધુમાં આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪નો આક્ષેપિત ગુન્હો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લ ેવી જરૂરી છે.

**કલમ–૫૦૪ સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન:–**

ઈ.પી.કો.ની કલમ–૫૦૪ ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિ નો ભંગ કરશે અથવા કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ વ્યકિત ઈરાદા પુર્વક અન્ય વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશકેરાટનું કારણ આપે તેવી જોગવાઈ આ કલમમાં દર્શાવવામાં આવેલ છે.

**કલમ–૫૦૪ ના આવશ્યક તત્વો:–**

(૧). આરોપીઓએ ઈરાદા પુર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યુ.

(૨). તેમ કરીને આરોપીઓ તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩). આરોપીઓ જાણતા હતા કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિ ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

વધુમાં આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૬ (૨) નો આક્ષેપિત ગુનો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈ વંચાણે લેવી જરૂરી છે.

**કલમ–૫૦૬(૨) ગુનાહિત ધમકીની સજા:–**

કોઈપણ વ્યકિત, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગર કરવાની હોય અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબની શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ મુકેલ છે. ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષના વિધ્વાન વકિલશ્રીઓની દલીલોને લક્ષમાં લઈ તેનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતાં

ફરીયાદ પક્ષના અગત્યના સાહેદ આંક–૧૪ થી ફરીયાદી નરેશભાઈ કચરાભાઈ દરજીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ બનેલો. બનાવ સમયે હુ ઘરે હાજર હતો. બનાવ સવારે ૦૭/૦૦ થી ૦૮/૦૦ ની વચ્ચે બનેલો. બનાવ સમયે હુ મારા મકાનના ઉપરના માળે હતો અને બનાવમાં એવુ બનેલ કે અમારા પાડોશી હરેશભાઇ જીવાભાઇ પ્રજાપતિ એઠવાડનો કચરો અમારા ઘર આગળ નાંખતા હોઇ જે બાબતે અમોએ પંચાયતમાં અરજી કરેલ અને તે બાબતે ઝગડો કરેલ. બનાવમાં મારો દિકરો જીગર હરેશભાઇને સમજાવતો હતો કે ઘર આગળ ગંદકી કેમ કરો છો? ત્યારબાદ આ હરેશભાઇ મારા દિકરાને ગાળો બોલવા લાગેલો અને પંચાયતમાં કેમ અરજી કરો છો તેવુ કહેવા લાગેલો અને આ બોલાચાલી થતા હુ નીચે આવેલો અને મારી પત્નિ હંસાબેન પણ આવી ગયેલા અને ઝપાઝપી થયેલી અને હરેશભાઇ જીવાભાઇ પ્રજાપતિએ મારી પત્નિ હંસાબેનને લાફો મારી દિધેલ અને રોડ ઉપર જઇ ધમકી આપેલી કે રસ્તામાં મળશો તો જાનથી મારી નાંખીશુ. આ ઝગડામાં હરેશભાઇના પિતા જીવાભાઇ તથા તેમની પત્નિ હેતલબેન આવી ગયેલા અને ત્યારબાદ આ ઝગડો થતા મે પ્રાંતિજ પો.સ્ટે. માં ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૧૪ આપવામાં આવે છે. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જે પૈકી આરોપી નં.૧ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પુજાબેન મારી દિકરી થાય છે અને અતુલભાઇ મારા મોટા ભાઇ થાય છે. મારા મકાનની આગળ ગેટ છે. મારા મકાનના ગેટની આગળ ચારેક ફુટ બ્લોક નાંખેલા છે અને આ બ્લોક છોડી આર.સી.સી.નો રોડ આવેલો છે. મારા

મકાનની બાજુમાં મારા ભાઇનું મકાન આવેલુ છે અને તેની બાજુમાં આરોપી હરેશભાઇનું મકાન આવેલ છે જે વરંડાવાળુ છે. મારા મકાનના ગેટની અંદર સંડાસ બાથરૂમ આવેલ છે. જીવાભાઇની ઉંમર આશરે ૭૦ વર્ષની છે. હાલના બનાવની ફરીયાદ આપ્યા બાદ મે બીજી કોઇ ફરીયાદ આપેલ નથી. આરોપીઓ મને કઇ ગાળો બોલેલા તે શબ્દશઃ મારી ફરીયાદમાં લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ચોકકસ ગાળો તો ના લખાવાય ને. આ બનાવના કામે અમોએ કોઇ સારવાર કરાવેલી નથી.હુ હાલમાં પણ મારા મકાનમાં જ રહુ છું.

(૧૩) ફરીયાદપક્ષ તરફે આંક–૨૦ થી સાહેદ જીગરકુમાર નરેશભાઈ દરજી ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ બનેલો. બનાવ સમયે હુ ઘરે હાજર હતો. બનાવ સવારે ૦૮/૦૦ વાગેની આસપાસ બનેલો. બનાવ અમારા પાડોશી હરેશભાઇ જીવાભાઇ પ્રજાપતિ સાથે બનેલો. હરેશભાઇ જીવાભાઇ પ્રજાપતિ એવુ કહેતા હતા કે તુ કેમ દલપુર ગ્રામ પંચાયતમાં અરજીઓ કરે છે તેમ કહી મને ગાળાગાળી કરેલી અને તે વખતે મારા માતાપિતા વચ્ચે પડતા આ હરેશભાઇએ મારા માતાને ગાલ ઉપર લાફો મારી દિધેલ અને આ બોલાચાલી થતા હરેશભાઇના પિતા જીવાભાઇ પશાભાઇ પ્રજાપતિ અને તેની પત્નિ હેતલબેન હરેશભાઇ આવી ગયેલા અને અમારી સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર મારવા લાગેલા અને ગાળાગાળી કરવા લાગેલા અને તે વખતે આજુબાજુના માણસો ભેગા થઇ ગયેલા અને આ લોકો જતા જતા એવુ કહેવા લાગેલા કે અમારી સામે બોલશો તો તમોને જાનથી મારી નાંખીશુ તેવી ધમકીઓ આપેલી અને ત્યારબાદ અમો અમારી ગાડીમાં બેસી પ્રાંતિજ પો.સ્ટે. ફરીયાદ આપવા આવેલા અને મારા પિતાએ આ ત્રણેય સામે ફરીયાદ આપેલી મે આ બનાવમાં

કોઇ સારવાર લીધેલી નહી આ ઝગડાનું કારણ એવુ હતુ કે હરેશભાઇના પત્નિ હેતલબેન તેમના ઘરનો એઠવાડ કચરો અમારા ઘર આગળ નાંખતા હોઇ તે બાબતે પંચાયતમાં અરજી કરેલી જેના કારણે તેઓએ ઝગડો કરેલો આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે એમ.કોમ., એમ.એડ. સુધીનો અભ્યાસ કરેલ છે. પુજાબેન મારી નાની બેન છે. અતુલભાઇ મારા મોટા પપ્પા થાય છે. હુ દલપુરથી રોજ હિંમતનગર નોકરીએ જાઉ છું. મારા મકાનની આગળ ઓસરી છે અને તે છોડી ગેટ આવેલો છે. આ ગેટથી આગળ ૦૫ ફુટ જગ્યા આવેલી છે અને ત્યારબાદ આર. સી. સી. રોડ આવેલો છે. અમારા મકાનને અડીને અમારા ભાઇનું મકાન આવેલુ છે અને તે પછી હરેશભાઇનું મકાન આવેલુ છે.હરેશભાઇના મકાનના ગેટ આગળ સંડાસ બાથરૂમ આવેલુ છે. હરેશભાઇનું મકાન વરંડાવાળુ છે. પંચાયતે કચરો ઉપાડવા માટેનું સાધન વસાવેલુ છે. અમારા ગેટની અંદર અમારૂ સંડાસ બાથરૂમ આવેલુ છે. અમારૂ મકાન બે માળનું છે.અમારા મકાનની આજુબાજુ ફળીયામાં બીજા રહેણાંકના ઘણા મકાનો આવેલા છે. સવાલઃ તમારા માતા ની માનસિક સ્થિતિ સારી નથી? જવાબઃ માનસિક સ્થિતિ સારી જ છે પરંતુ રતાંધળાપણાની તકલીફ ને કારણે સાંજે સુર્ય આથમ્યા પછી તેમને ઓછુ દેખાય છે.હુ મારી દૈનિક પ્રક્રિયાઓ રાબેતા મુજબ કરૂ છું. મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીઓ અમને ચોકક્સ કઇ ગાળો બોલેલા તે લખાવેલ નથી. હુ હાલમાં પણ મારા મકાનમાં જ રહુ છું.

(૧૪) ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી સાહેદ હંસાબેન નરેશભાઈ દરજી ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ બનેલો. બનાવ ઝગડા નો બનેલો. બનાવમાં મારા દિકરા જીગરને અમારા પડોશી હરેશભાઇ સાથે ઝગડો થયેલો.

આ ઝગડો કચરાની બાબતને લઇ થયેલો. આ ઝગડાનું કારણ એવુ હતુ કે હરેશભાઇ જીવાભાઇ પ્રજાપતિ મારા દિકરાને એવુ કહેતા હતા કે તુ કેમ દલપુર ગ્રામ પંચાયતમાં અરજીઓ કરે છે તેમ કહી ગાળાગાળી કરેલી અને તે વખતે હુ તથા મારા પતિ  વચ્ચે પડતા આ હરેશભાઇએ મારા ગાલ ઉપર લાફો મારી દિધેલ અને આ બોલાચાલી થતા હરેશભાઇના પિતા જીવાભાઇ પશાભાઇ પ્રજાપતિ અને તેની પત્નિ હેતલબેન હરેશભાઇ આવી ગયેલા અને તેઓ કઇ બોલેલા નહી અને હરેશભાઇએ મારી નાંખવાની ધમકી આપેલી. આ બનાવની ફરીયાદ મારા પતિએ આપેલી. પોલીસે મારૂ નિવેદન લીધેલું. આરોપીઓને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર નથી

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે,મે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલો છે. અમારા ઘરની બાજુમાં અમારા જેઠનું મકાન આવેલુ છે અને તે મકાન છોડી હરેશભાઇનું વરંડાવાળુ મકાન આવેલ છે. મારા ઘરની આગળ ૧૫ થી ૨૦ ફુટ જગ્યા છોડી વરંડાનો ગેટ આવેલો છે.આ ગેટ મુકી ૧૦ ફુટ પછી આર.સી.સી. રોડ આવેલો છે. મારે આંખની તકલીફ હોઇ ઘરની બહાર જવા માટે મારા ઘરના કોઇ વ્યકિતની જરૂર પડે. હુ દિવસે જોઇ શકુ છુ પરંતુ મને દિવસે ઝાંખુ દેખાય છે. મે દવાખાને કોઇ સારવાર લીધેલી નથી. મારો દિકરો, મારી દિકરી તથા મારા પતિ રાબેતા મુજબ તેમના કામ ધંધે જાય છે. મારા અને હરેશભાઇના ઘરની વચ્ચે ૮૦ થી ૧૦૦ ફુટ જેટલુ અંતર છે.

(૧૫) ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા સારું આંક–૨૪ થી પંચ સાહેદ આશિષકુમાર કનુભાઈ પટેલને તપાસેલ છે. પોલીસે તેમને દલપુર ગામે  બોલાવેલો અને જણાવેલ કે પંચનામું કરવાનું છે અને તેમાં સહી કરવાની છે. એટલે હું દલપુર ગામે ગયેલો તા.૮/૧૦/૨૨ ના રોજ સાંજના ૪/૩૦ ની આસપાસ હું ત્યાં હતો. ગુનાવાળી જગ્યાએથી ઉતરથી દક્ષિણ

તરફ દલપુર ગામથી સેજવીકપુર તરફનો રસ્તો આવેલ છે. પૂર્વે ઝાંપા વાળુ લોખંડના દરવાજાનું નરેશભાઈનું મકાન આવેલુ અને પશ્ચિમે રહેણાકનું મકાન આવેલુ જેઓનું નામ હાલ તેમને યાદ નથી. તેમને આંક–૨૫ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે.

આ પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે,ફળીયામાં જતા દિપાજી શંકાજી રાઠોડનું મકાન આવેલ છે અને તે નરેશભાઈના મકાનની સામે આવેલુ છે.

(૧૬) ફરીયાદ પક્ષ તરફે આંક–૨૮ થી ત.ક.અ. દેવજીભાઈ નરસિંહભાઈ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,ગઇ તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ અમો અ.હે.કો. તરીકે પ્રાંતિજ પો.સ્ટે.માં ના હોદ્દા પર ફરજ પર હાજર હતો ત્યારે ફરીયાદી નરેશભાઇ કચરાભાઇ દરજીનાઓએ પ્રાંતિજ પો.સ્ટે. ખાતે ઇ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની ફરીયાદ આપેલી જે ફ.ગુ.ર.નં.૯૫/૨૦૨૨ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ સારૂ સાધનીક કાગળો સાથે અમોને સોંપતા તે તપાસ અમોએ સંભાળી લીધેલ અને આ તપાસના કામે આંક-૨૫ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલુ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તેમજ આ કામના આરોપીઓ ૧.હરેશભાઇ જીવાભાઇ પ્રજાપતિ, ૨. જીવાભાઇ પશાભાઇ પ્રજાપતિ, ૩. હેતલબેન હરેશભાઇ પ્રજાપતિ, તમામ રહે.દલપુર, તા.પ્રાંતિજના ઓને તા.૦૯/૧૦/૨૦૨૨ ના રોજ કલાક ૧૨/૩૦ વાગે નોટીસ આધારે હાજર થતા નામદાર સુપ્રિમકોર્ટની ગાઇડલાઇન્સનું પાલન કરેલ અને તે અંગે પી.એસ.ઓ., પ્રાંતિજ પો.સ્ટે.નાઓને સ્ટે.ડા. નોંધ કરવા

બાબતે યાદી કરેલી જે યાદી મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૨૯ આપવામાં આવે છે તેમજ આ કામના ફરીયાદી નાઓએ દલપુર ગ્રામ પંચાયતમાં દબાણ હટાવવા બાબતે અરજી કરેલી જે તપાસના કામે સામેલ રાખેલ જે મને બતાવવામાં આવે છે જેમાં પ્રાંતિજ પો.સ્ટે.ના આવક નં.૨૮૫૮/૨૦૨૨, તા.૦૮/૧૦/૨૦૨૨ થી રજુ રાખેલ છે તેમજ તેની સાથે ફોટોગ્રાફસ સાથે સામેલ રાખેલ અને જે બંને તપાસના કામે કબજે લીધેલ જે આજરોજ મને બતાવવામાં આવે છે જે તે જ છે જેને સંયુકત આંક-૩૦ આપવામાં આવે છે તેમજ આ કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા મે સમયમર્યાદામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું. આ કામના આરોપીઓને હુ ઓળખુ છું

આ કામે સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદીના ઘર આગળ આર.સી.સી.નો રસ્તો આવેલો છે. ફરીયાદીના મકાનની સામે દિપાજી શંકાજીનું મકાન આવેલુ છે. આ ફળીયામાં ઘણા બધા માણસોની અવર જવર ચાલુ હોય છે.મે મારી તપાસના કામે ફરીયાદીના પરીવારના સભ્યોના નિવેદનો લીધેલ છે તે સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૧૭) વધુમાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪નો ગુન્હો શાબ્દિક ઉચ્ચારણનો ગુન્હો છે અને તે અનુસંધાને ફરીયાદપક્ષના કેસના પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ ની કાયદાકીય પરિસ્થિતી તથા જોગવાઈ વંચાણે લેતા ફરીયાદપક્ષે આ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓ ધ્વારા ચોકકસ કયા શબ્દો બોલાયેલા હતા અને આવા શબ્દો બોલી શાંતિ જોખમાય તેવું હેતુપુર્વકનું અપમાન કર્યુ હતુ

તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદપક્ષ આવી હકીકત પુરવાર ન કરી શકે તો કલમ–૫૦૪નો ગુનો પુરવાર માની શકાય નહી. આ કામે તપાસવામાં આવેલ સાહેદોની તેમની જુબાનીમાં આ કામના આરોપીઓ ધ્વારા કઈ ગાળો બોલેલ અને કેવી રીતે ધમકી આપેલી તે અંગે કોઈ સ્પષ્ટ શબ્દો જણાવતા નથી. તેવા સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબના ગુન્હાના કોઈ જ તત્વો પુરવાર થતા નથી.

(૧૮) વધુમાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબના ગુનાનું તહોમત છે તે સંજોગોમાં આરોપીઓ ધ્વારા આપવામાં આવેલ ગુનાહિત ધમકીથી ફરીયાદી, ઈજા પામનારને તેવી ધમકીના કારણે તાત્કાલીક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. જો ફરીયાદી આવી હકીકત પુરાવાર કરી શકે નહી તો ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૫૦૬(૨) હેઠળના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. હાથ પરના કેસમાં ચકાસતા આરોપીએ ફરીયાદી ને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી આપેલ હોવા અંગનો ફરીયાદમાં જે આક્ષેપ મુકેલ છે. જે સંદર્ભે ફરીયાદીનો સોગંદો પરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદી/સાહેદ અદાલત સમક્ષની જુબાનીમાં તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબના ગુન્હાના કોઈ જ તત્વો પુરવાર થતા નથી.

(૧૯) આમ રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા સદર કેસમાં આંક–૧૪ થી ફરીયાદી નરેશભાઈ દરજીને તપાસેલ છે. સદરહું બનાવ તા.૮/૧૦/૨૦૨૨ના રોજ બનેલ. સદરહું ફરીયાદી પોતાની સરતપાસમાં જણાવે છે કે આ કામના આરોપીઓ વચ્ચે બોલાચાલી થયેલી હું નીચે આવેલો અને મારી પત્ની હંસાબેન પણ આવી ગયેલા અને ઝપાઝપી થયેલી અને હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતીએ મારી પત્ની હંસાબેનને લાફો મારી દીધેલો અને રોડ ઉપર જઈ ધમકીઓ આપેલી. આંક–૨૦ થી સાહેદ જીગર નરેશભાઈ દરજી સદરહું સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે તા.૮/૧૦/૨૨ ના રોજ સદરહું બનાવ બનેલ બનાવ સમયે હાજર હતો હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતી એવુ કહેતા હતા કે તુ કેમ દલપુર ગ્રામ પંચાયતમાં અરજીઓ કરે છે તેમ કહી ગાળાગાળી કરી તે વખતે મારા માતા પિતા વચ્ચે પડતા હરેશભાઈએ મારા માતાને ગાલ ઉપર લાફો મારી દીઘલો. વધુમાં આંક–૨૨ થી સાહેદ હંસાબેન નરેશભાઈ દરજી ને તપાસેલ છે સદરહું સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કેતા.૮/૧૦/૨૨ ના રોજ સદરહું બનાવ બનેલ અને હરેશભાઈ સાથે ઝઘડો થયેલો ઝઘડો થતા હરેશભાઈએ મને લાફો મારી દીધેલો આમ સદરહું ફરીયાદી તેમજ સાહેદ ફરીયાદીની હકીકતને સમર્થન આપે છે. આ કામના આરોપી નં.૧ હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતી દવારા ફરીયાદીની પત્ની હંસાબેનને લાફો માર્યાનું તેવું પ્રાયમાફેશી જણાઈ આવે છે. વધુમાં આ કામના ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલતા હોય અપ શબ્દ બોલેલ હોય કે મારઝુડ કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તે શબ્દશ: આ કામના ફરીયાદી દવારા રજુ કરવમાં આવેલ નથી. તેમજ આ કામના આરોપી નં.૧ હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતી વિરુધ્ધ આઈ.પી.સી.ની

કલમ–૩૨૩ ના આવશ્યક તત્વો પુરવાર કરતા હોય આરોપી નં.૧ હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતીને ઈ.પી.કો. કલમ–૩૨૩ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. જયારે અન્ય ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨૦) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો નજર સમક્ષ રાખતાં આ કામના આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલ કે અપશબ્દો બોલેલ હોય, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવા કોઈ આક્ષેપો નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોઈ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઈ, આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ ''**અંશત:હકારમાં**'' આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

**(૧)** આ કામના આરોપી હરેશભાઈ જીવાભાઈ પ્રજાપતિ, રહે. દલપુર,તા. પ્રાંતિજ,જી.સાબરકાંઠાનાઓને ક્રિ.પ્રો.કો. કલમ– ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ – ૩૨૩ અન્વયે દોષિત ઠરાવીને આરોપીને રૂા.૧ ૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીને ૩ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તથા આ કામના અન્ય આરોપીઓને ક્રિ.પ્રો.કો. કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.

કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૨/૦૬/૨૦૨૬
મુ.પ્રાંતિજ.
//S.C.P.//

**(આઈ.એમ.શેખ)**
એડી. ચીફ જ્યુડી. મેજી.,પ્રાંતિજ.
(જજ કોડ નં.જીજે૦૧૪૮૫)